જા.ન.તકે/અવ/ડા.કે.ટ્રા./૧૬–૧૭/૫૪૬
તકેદારી અધિકારી(આ.વિ.)ની કચેરી,
બ્લોક–એ, ૬ઠો માળ,બહુમાળી મકાન,
લાલ દરવાજા,અમદાવાદ–૧.
તા. ૭/૭/૨૦૧૬
કચેરી નં. ૦૭૯–૨૫૫૧૦૧૨૬

Inward No.: 6272
Section : Scholarship
Date : 12/7/16

પ્રતિ,
રજીસ્ટારશ્રી,
સરદાર પટેલ યુર્નિવસીટી,
વલ્લભ વિદ્યાનગર, આણંદ

વિષયઃ પોષ્ટ મેટ્રીક શિષ્યવૃતિ અન્વયે ભારત સરકાર દવારા અમલીકરણ થતી યોજના ના આધાર નંબર અંતર્ગત ડાયરેકટ કેશ ટ્રાન્સફર સ્કીમ અંગે અનુ.જનજાતિના વિધાર્થીઓની દરખાસ્ત આપના હસ્તક / એફલીટેડ કોલેજો ધ્વારા ઝડપથી મળે તે બાબત.

મા.સાહેબ,

સવિનય સહ ઉપરોકત વિષય પરત્વે ના સંદર્ભે જણાવવાનુંકે અત્રેની તકેદારી કચેરી, આદિજાતિ વિકાસ, અમદાવાદ હસ્તક જિલ્લોઃ આણંદ ની આધાર નંબર અંતર્ગત ડાયરેકટ કેશ ટ્રાન્સફર સ્કીમ અંગે અત્રેની પોષ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાના ફકત અનુ.જનજાતિના વિધાર્થી/વિધાર્થીની ઓની શિષ્યવૃતિની દરખાસ્ત સામેલ નિયત પત્રકમાં અને નિયત ફોન્ટમાં સીડી તૈયાર કરી ઉકત માહિતી હાર્ડ કોપી, સીડી એક નકલ, પત્રકો ત્રણ નકલમાં તેઓની કોલેજના શિષ્યવૃતિની કામગીરી કરતા કર્મચારીએ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી ની કચેરી વકતુંડ વિહાર, વત્સલ ટ્રાવેલસ ની બાજુમાં, નાના બજાર, વ.વિધાનગર ખાતે રજુ કરવાની રહે છે.

સદરહુ શિષ્યવૃતિની કામગીરી ભારત સરકારશ્રીની સુચના અન્વયે મા. કલેકટરશ્રી, આણંદ ધ્વારા સમય મર્યાદામાં પૂર્ણ કરવાની સુચના હોઇ ઉકત સુચનાઓનો બિનચુક અમલ કરવાનો રહશે જેની નોધ લેવા આપના હસ્તકની તમામ કોલેજ ને જણાવવા વિનંતી છે.

વધુમાં આ બાબતમાં કાર્યવાહી ઝડપથી પૂર્ણ થાય તે બાબતે આપ સાહેબ તરફથી આપના હસ્તકની તમામ કોલેજ ને સામેલ પરિપત્ર મોકલવા વિનંતી છે.

તકેદારી અધિકારી શ્રી,
આદિજાતિ વિકાસ,
અમદાવાદ

બિડાણઃ– પરિપત્રની નકલ

**BOOK – POST** **O. I. G. S.**

નં. મક/અવ/પોમેસ્કો./૨૦૧૬-૧૭/૨૮૨૭ થી ૪૨૨૬

પરિપત્ર
અત્યંત જરૂરી
સમય મર્યાદા

**મદદનીશ કમિશનર વર્ગ-૧ (આવિ)ની કચેરી,**
બ્લોક એ-છઠ્ઠો માળ બહુમાળી મકાન
લાલ દરવાજા અમદાવાદ
ટેલી ફેકસ-૦૭૯-૨૫૫૧૦૧૨૬
તા. /૦૫/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી,
ડીનશ્રી/ડાયરેકટરશ્રી/રજીસ્ટ્રારશ્રી
.................................................
.................................................
.................................................

**વિષય :- ધો. ૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૬-૧૭ની શિષ્યવૃત્તિ માટે દરખાસ્તો મોકલવા બાબત...**

જયભારત સહ જણાવવાનું કે, ચાલુ વર્ષ **૨૦૧૬-૧૭**દરમ્યાન આપની ઉ.મા. શાળા/કોલેજોમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિ ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ભારત સરકારશ્રીના તા. ૨૧-૬-૧૧ના પત્ર નંબર ૧૯૦૧૨/૦૫/૨૦૧૦-એજ્યુકેશનથી આપવામાં આવેલ માર્ગદર્શક સૂચના અન્વયે તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને ટ્યુશનમાંથી મુક્તિ આપવા બાબતનો પત્ર ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક સફક/૨૦૨૦૦૮ન.બા.૩૯/ગ/સચિવાલય ગાંધીનગરના તા.૧૧-૧૧-૨૦૦૯ મુજબ નિયમસરનું નિયત ફોર્મ ભરીને રજુ કરી શિ.વૃ. મંજુર કરાવવાની રહેશે.

નિયત નમુનામાં દરખાસ્ત તૈયાર કરી ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ સહિત નીચે જણાવેલ સમય મર્યાદામાં રજુ કરશો. ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ સહિત નીચે જણાવેલ સમય-મર્યાદામા રજુ કરશો. ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ ફક્ત એક જ વાર જે તે વર્ષ માટે રહેશે. સદર અરજીપત્રકમાં પ્રથમ તબક્કો અને બીજા તબક્કામાં પ્રવેશ ફી પ્રથમ તથા બીજા સત્રની ફી શિ.વૃ. વગેરે જરૂરી વિગતોની માહિતી આવરી લેવાની રહેશે. ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજ કક્ષાએ મોકલવાની સંકલિત દરખાસ્તનો નમૂનો આ સાથે સામેલ છે. તે મુજબ ફરજીયાત પણે **કોમ્પ્યુટરરાઈઝ** દરખાસ્ત **<u>૩ (ત્રણ) નકલમાં</u>** તમામ વિગતો સાથે હાર્ડકોપી તથા સીડીમાં એક્સલ પ્રોગ્રામમાં તૈયાર કરી આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરીને તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબરની વિગતો સાથે રજુ કરવા જણાવવામાં આવે છે.

જરૂરી ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ તેમજ છાપેલ દરખાસ્તપત્રો આ પરિપત્ર મળ્યે દિન-૫ માં આચાર્યશ્રીની સહીથી માંગણી પત્ર રજુ કરી આ કચેરીએથી બિનચૂક મેળવી લેવાના રહેશે. **<u>ધો. ૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે શિ.વૃ.ની દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૬ છે.</u>**

કોલેજ કક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની દરખાસ્ત સત્ર વિધિવત શરૂ થયાના દિન-૧૫માં મોકલી આપવાની રહેશે. **<u>જુના વિદ્યાર્થીઓ માટેની દરખાસ્ત તા. ૩૧-૭-૨૦૧૬ સુધીમાં અચૂક મોકલી આપવાની રહેશે.</u>** મેડી./ફાર્મસી/પોલીટેકનીક/એન્જી.ના વિદ્યાર્થીઓના કિસ્સામાં નવા છાત્રો માટે સત્ર વિધિવત શરૂ થયાથી દિન-૧૫ માં અને જુના પ્રવેશ આપેલ છાત્રોની રીન્યુઅલ દરખાસ્ત **તા.૩૧-૭-૨૦૧૬** સુધીમાં નિયત પત્રકોમાં અચૂક મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત સમય મર્યાદાબાદની દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં અને **<u>અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીના લાભથી વંચિત રહેશે તેની સંપૂર્ણ જવાબદારી જે તે આચાર્યશ્રીની અને સંસ્થાની રહેશે આ અંગે નિષ્કાળજી દાખવવા બદલ ઘટતા પગલાં લેવા સરકારશ્રીના સંબંધિત નિયંત્રણ વિભાગનું ધ્યાન દોરવામાં આવશે. જેની ગંભીરતાની નોંધ લેશો.</u>** પરિપત્ર મળ્યે જરૂરિયાત મુજબના ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ પત્ર મોકલી કામગીરી કરતા કર્મચારી મારફતે સત્વરે અત્રેથી મેળવી લેવાનો પ્રબંધ કરવા વિનંતી.

દરખાસ્તો નીચે મુજબ અલગ અલગ તૈયાર કરવાની રહેશે. (લાગુ પડતું હોય તે મુજબ)

૧. ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિ.વૃ. (આ સાથે સામેલ **સ્ટેટમેન્ટ-એમાં <u>૩ (ત્રણ)</u> નકલ**માં ફ્રેશ ફોર્મ તથા રીન્યુઅલ ફોર્મ સહિત)

૨. જે કન્યાના માતા/પિતા વાલીની આવક વાર્ષિક રૂા. ૨,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) થી વધુ હોય તેવી કન્યાઓ માટે રાજ્ય સરકારશ્રીની વધુ આવકવાળી બહેનોને શિ.વૃ. યોજના હેઠળ અલગ દરખાસ્ત કરવાની રહેશે. (આ સાથે સામેલ **સ્ટેટમેન્ટ-એમાં ૩ (ત્રણ) નકલમાં ફ્રેશ ફોર્મ** તથા **રીન્યુઅલ ફોર્મ** સહિતની વિગતો સીડીમાં અંગ્રેજીમાં મોકલવી)

મ કો.લી.પ્રે.અ.(વાય)-૪૭-૧૪૦૦-૫-૨૦૧૬

પો.મે.સ્કો. ના દર અને નીતિ નિયમો નીચે મુજબ છે.

| અ.નં. | અભ્યાસક્રમની વિગતો | ડેસ્કોલર માટે માસિક રૂા. (છાત્રાલયમાં રહેતા ન હોઈ તેવા વિદ્યાર્થીઓ) | હોસ્ટેલર માટે માસિક રૂા. (કોલેજ સંલગ્ન અથવા કોલેજ માન્ય છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ગ્રુપ-૧ | તબીબી, ઇજનેરી, ટેકનોલોજી, પ્લાનીંગ, આર્કીટેકચર, ફેશન ટેકનોલોજી, કૃષિ અને પશુપાલન,કોમ્પ્યુટર સાયન્સ/એપ્લીકેશન, મેનેજમેન્ટ ક્ષેત્રના તમામ સ્નાતક કક્ષાના અને અનુસ્નાતક (એમ.ફીલ, પીએચ.ડી.) સહિતના તમામ અભ્યાસક્રમો કોર્મશીયલ પાયલોટ, સી.એ., આઇસીડબ્લ્યુ, સી.એસ, આઇ.સી.એફ.સી. ગ્રુપ-૨ અને ૩માં સમાવિષ્ટ એમ.ફીલ, પીએચ.ડી. અને ડોક્ટરે ડીગ્રી પછીના (પીએચ.ડી.) પછીના અભ્યાસક્રમો જેવા કે (ડી.લીટ, ડી.એસ.સી.) એલએલ.એમ. | ૫૫૦/- | ૧૨૦૦/- | |
| ગ્રુપ-૨ | ફાર્મસી, નર્સીંગ, એલએલ.બી., હોટલ અને કેટરીંગ ટ્રાવેલ, ટુરીઝમ હોસ્પિટાલીટી મેનેજમેન્ટ, પેરામેડીકલ કોર્સીસ, ઇન્ટીરીયર ડેકોરેશન, ન્યુટ્રીશન, ડાયસ્ટીક, બેંકીંગ, ઇન્સ્યુરન્શ જેવાં અભ્યાસક્રમો કે જેમાં મીનીમમ લાયકાત ધો.-૧૨ (ધો. ૧૦ + ૨)હોય તેવા ડીગ્રી, ડીપ્લોમા અને સર્ટી. કક્ષાના અભ્યાસક્રમો, ગ્રુપ-૧માં સમાવેશ થતા ન હોય તેવા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો જેવા કે એમ.એ./એમ.એસસી. /એમ.કોમ./એમ.એડ/એમ.ફાર્મ વિગેરે | ૫૩૦/- | ૮૨૦/- | |
| ગ્રુપ-૩ | ગ્રુપ-૧ અને ગ્રુપ-૨ માં સમાવિષ્ટ ન હોઇ તેવા ગ્રેજ્યુએટ કક્ષાના અભ્યાસક્રમો જેવા કે (B.A., B.Sc., B.Com.) | ૩૦૦/- | ૫૭૦/- | |
| ગ્રુપ-૪ | ધો. ૧૦ પછીના નોન ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો જેની પ્રવેશ યોગ્યતા ધો. ૧૦ હોય તેવા અભ્યાસક્રમો જેવા કે ધો. ૧૧, ૧૨, આઇટીઆઇ, ધો. ૧૦ પછીના ડીપ્લોમા કોર્સીસ વિગેરે | ૨૩૦/- | ૩૮૦/- | |

<u>નિયમોઃ-</u>

૧. વિદ્યાર્થીના માતા-પિતા/વાલીની ગત વર્ષ **૨૦૧૫-૧૬** ની તમામ સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂા.૨,૫૦,૦૦૦/- સુધીની હોય તેવા કુમાર/કન્યાને પુરા દરથી નિભાવ ભથ્થું તથા પુરેપુરી ફીની રકમ મળવાપાત્ર છે.

૨. જે વિદ્યાર્થીના માતા-પિતા/વાલીની વાર્ષિક આવક <u>રૂા. ૨,૫૦,૦૦૦/-</u> કરતાં વધુ હોય તેવા કુમાર/કન્યાને ભારત સરકારની પો.મે.સ્કો., નિભાવ ભથ્થું કે ફીની રકમ મળવાપાત્ર નથી. પરંતુ રાજ્ય સરકારશ્રીના કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના અભિગમ મુજબ જે કન્યાના માતા-પિતા/વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦/- કરતા વધુ હોય તેવી કન્યાઓને ગુજરાત સરકારશ્રી તરફથી નિભાવ ભથ્થું તેમજ પુરેપુરી ફીની રકમ આપવામાં આવે છે. પરંતુ આવી દરખાસ્ત **<u>વધુ આવક વાળી કન્યાઓ</u>** એમ લખી અલગથી રજુ કરવાની રહેશે.

૩. **<u>જે કુમારોના માતા-પિતા/વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦/- કરતાં વધુ હોય તેવા કુમારોને નિભાવ ભથ્થું કે ફીની રકમ મળવા પાત્ર નથી. જેથી આવા કુમારોના ફોર્મ ભરાવવા નહીં કે અત્રે દરખાસ્ત કરવી નહીં.</u>**

૪. શૈક્ષણિક સત્ર શરૂ થાય તે સમયે શિ.વૃ. મેળવવાના નિયત અરજી પત્રકો વિદ્યાર્થીઓને પુરા પાડી, નિયત નમુનામાં ભરીને નિયત સમય મર્યાદામાં શાળા/કોલેજોમાં વિદ્યાર્થીઓને રજુ કરે તેવી સૂચના આપવી.

૫. વિદ્યાર્થીઓએ ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરેલ છે કે કેમ ? તેની ચકાસણી કરી, તેની સાથે જરૂરી આધારો જેવા કે માર્કશીટની પ્રમાણિત નકલ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, અધિકૃત અધિકારીશ્રીનો આવકનો દાખલો, જાતિનો દાખલાની ખરી નકલ સામેલ છે કે કેમ ? તેની ખાત્રી કરવી.

૬. વિદ્યાર્થી સરકારી છાત્રાલય કે સરકારશ્રીએ માન્ય કરેલ છાત્રાલયમાં રહેતા હોય તો તે પત્રકમાં/ફોર્મમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. છાત્રાલયના જવાબદાર અધિકારશ્રી વોર્ડન/આ.લે.સુ./રિક્ટર અને આચાર્યશ્રીના સહી-સિક્કા ફોર્મમાં કરાવવાના રહેશે.

૭. જે વિદ્યાર્થીના માતા-પિતા/વાલી નોકરી કરતા હોય તો જ્યાં નોકરી કરતા હોય તે કચેરીના/સંસ્થાના વડા પાસેથી વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આ વાર્ષિક આવક પ્રમાણપત્રમાં તમામ મળતરો જેવા કે પગાર મોંઘવારી ભથ્થું, મેડીકલ ભથ્થું, ઘરભાડું, બોનસ, હક્ક રજાનું રોકડમાં રૂપાંતર, પગાર તફાવતની રકમ, મોંઘવારી ભથ્થા તફાવતની રકમ વગેરે સહિત થયેલ આવકની વિગતો મેળવવાની રહેશે.

૮. વિદ્યાર્થી જે અભ્યાસક્રમમાં દાખલ થયેલ હોય તે અભ્યાસક્રમોમાં નાપાસ થાય અને ફરીથી તે જ અભ્યાસક્રમની પરીક્ષા આપીને પાસ થયા બાદ બીજા વર્ષમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને ફ્રેશ ફોર્મ (ફોટાવાળુ ફોર્મ) ભરાવવાનું રહેશે.